જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૧૧/૧૨/૨૦૨૦ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૨૧૩૬/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૦/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૯૫૬ | ૬ | ૧૦૯૬૨ | ૧૭૦૯૬ | ૬ | ૧૭૧૦૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૦૯ | ૨ | ૪૬૧૧ | ૬૧૩૦ | ૨ | ૬૧૩૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૮ | ૨ | ૬૦ | ૨૩૯ | ૦ | ૨૩૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૮૬૭૭ | ૨૩૩ | ૧૯૦૧૦ | ૧૯૭૧૯ | ૩૩૬ | ૨૦૫૫ |
| કુલ | | ૩૪૩૦૦ | ૩૪૩ | ૩૪૬૪૩ | ૪૩૧૮૪ | ૩૪૪ | ૪૩૫૨૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૬ | ૧૧,૧૪,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૧૬૯ | ૩૧,૬૯,૦૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન

## મિલ્કત સબંધી ગુનાના આરોપીની પાસા અટકાયત કરતી રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓની તથા સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૧ નાઓની સુચના આધારે તેમજ ના.પો.કમિ.શ્રી ઝોન-૧ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તથા તથા મ.પો.કમિ .શ્રી "ખ" વિભાગ સાહેબ નાઓના સુપરવિઝન હેઠળ મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના પાસા હુકમ નંબર પીસીબી/ડીટીએન /પાસા/૧૨૫૭/૨૦૨૦ તા.૦૫/૧૨/૨૦૨૦ ના પાસા અટકાયતી પ્રતિકભાઈ જગદિશભાઈ પંચાલ ઉવ.૨૬ ધંધો.વેપાર રહે. મનં.૧૯ કામધેનુ સોસાયટી. ગેબરનશા પીર દરગાહની સામે ઈસનપુર વટવા રોડ વટવા અમદાવાદ શહેર નાની વિરૂધ્ધ અત્રેના (૧) રીવરફ્રન્ટ વેસ્ટ પો.સ્ટે. એ પાર્ટ ૧૧૧૯૧૦૪૯૨૦૦૦૫/૨૦ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ  તથા (૨) ઈસનપુર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૭૮/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ મુજબના દાખલ થયેલ હોય આ કામના આરોપી વિરૂધ્ધ મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત નંબરથી પાસા હુકમ કરેલ જે આરોપીને આજરોજ તા.૧૧/૧૨/૨૦૨૦ ના ક.૧૪/૦૦વાગે આરોપીને પાસા હુકમની બજવણી કરી લાજપોર સુરત મધ્યસ્થ જેલ  ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૧૧/૧૨/૨૦૨૦

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૩૭/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૧૪૧ લીટર દેશી દારૂ અને ૨ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૬૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૨૧૩૮/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ચોરીઃ- સમાચાર યાદી નં.૨૧૩૯/૨૦૨૦

**રામોલઃ** શિલ્પાબહેન વા/ઓ જયેન્દ્રભાઇ દેસાઇ (ઉ.વ.૩૬) (રહે. ધીરજ હાઉસીંગ સેવન્ડે સ્કુલ પાછળ હરીપુરા ખોખરા) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૯/૧૨/૨૦૨૦ કલાક ૧૧/૩૦ થી ૧૧/૪૫ વાગ્યાના સમયગાળા સુધીની એક્સપ્રેસ હાઇવે સામેથી રબારી કોલોની ચાર રસ્તા નેકસા શોરૂમની સામે સુધીમાં શટલ ઓટો રીક્ષાની મુસાફરી દરમ્યાન રિક્ષામાં બેઠેલ ચાર અજાણ્યા પુરૂષોએ રીક્ષા ચાલકની મદદગારીથી શિલ્પાબહેનની નજર ચુકવી શિલ્પાબહેનના થેલામાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૨,૮૫,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

## આત્મહત્યાઃ- સમાચાર યાદી નં.૨૧૪૦/૨૦૨૦

**વસ્ત્રાપુરઃ** ચિરાગ રાજેન્દ્રકુમાર પટેલ (ઉ.વ.૨૭) (રહે. સી/૬૦૩ શ્રીજી-૭૮ અક્ષર કુટીર સામે મોટેરા) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૨/૨૦૨૦ સવારના ૧૦/૪૦ વાગ્યા પહેલા વસ્ત્રાપુર એસ.જી.હાઇવે જીએનએફસી ટાવરની બાજુમા શાંતનુ કોમ્પ્લેક્ષમાં આવેલ હોટલ મુકુંદના છઠા માળે આવેલ રૂમ નં-૬૧૦ ના બાથરૂમમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કિર્તનભાઇ ચલાવે છે.

**નરોડાઃ** ડાહ્યાભાઇ રામજીભાઈ સોલંકી (ઉ.વ.૫૨) (રહે. શીતળાનગરની ચાલી નરોડા રેલવે ક્રોસિંગ પાસે નરોડા) એ અગમ્ય કારણસર તા.૦૯/૧૨/૨૦૨૦ રાતના ૧૦/૦૦ થી તા.૧૦/૧૨/૨૦૨૦ સવારના ૫/૦૦ વાગ્યા દરમયાન પોતાના ઘરની ઓસરીમાં છતના હુકમાં પ્લાસ્ટીકની દોરી બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મિતેષકુમાર રાજેન્દ્રભાઇ ચલાવે છે.

**નિકોલ**ઃ સેજલબહેન જીતેન્દ્રભાઇ લગારીયા (ઉ.વ.૩૩) (રહે. ખોડિયારનગર સોસાયટી વિભાગ-૨ નારાયણનગર પાસે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૨/૨૦૨૦ સવારના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસિડ પી લીધુ હતુ. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જયાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.પટેલ ચલાવે છે.

નારોલઃ રમેશકુમાર સુખીરામ મૌર્ય (ઉ.વ.૨૮) (રહે. શ્રીનગર રંગોલીનગર પાસે નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૦/૧૨/૨૦૨૦ રાતના ૯/૩૦ વાગ્યા પહેલા ઘર નજીક સોસાયટીના નાકા પાસે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિહ ભગતવસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી